(૧૫)

**પ્ર.૧ (ક) નીચેના શબ્દોના અર્થ લખો અને તે કયા પાઠમાં આવે છે? (૩)**

| | અર્થ | પાઠ |
|---|---|---|
| ૧. જત્તા ભે | **આપની સંયમયાત્રા સુખરૂપ છે** | **પ્રતિક્રમણનો ત્રીજો પાઠ** |
| ૨. અનિયાણો | **નિદાન રહિત છું** | **૫ મું શ્રમણસૂત્ર** |
| ૩. ખમંતુ | **ક્ષમા કરે** | **ક્ષમાપના સૂત્ર** |

**(ખ) નીચેનામાં ૩૨ દોષમાંથી કયો દોષ લાગે? (૨)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ઠઠ્ઠા મશ્કરી કરવી. | **વચનનો હાસ્ય દોષ** | ૨. મેલ ઉતારવો. | **કાયાનો મલ દોષ** |
| ૩. અભિમાન કરવું. | **મનનો ગર્વ દોષ** | ૪. જિનાજ્ઞા સંબંધી શંકા કરવી. | **મનનો સંશય દોષ** |

**(ગ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. મૂળસૂત્રોમાં ધર્મકથા શેમાં છે? આગમશૈલી શું છે? કાલિક કે ઉત્કાલિક? આગમની ભાષા કઈ છે? (૨×૪)

**જ. ઉત્તરાધ્યયન સૂત્ર. અધ્યયન. કાલિક. અર્ધમાગધી.**

૨. પ્રતિપત્તિ અને દશા એટલે શું? તે કયા આગમમાં છે?

**જ. પ્રતિપત્તિ – અપેક્ષા, માન્યતા. જીવાભિગમ સૂત્ર. દશા – અવસ્થા. દશાશ્રુતસ્કંધ સૂત્ર.**

૩. બલભદ્રના પુત્રનું વર્ણન કયા સૂત્રમાં છે? તે કાલિક કે ઉત્કાલિક? તેના રચયિતા કોણ? અંગસૂત્ર કેટલા?

**જ. વહ્નિદશા સૂત્ર. કાલિક. અજ્ઞાત નામના આચાર્ય. ૧૨.**

૪. યૂપક એટલે શું? તે ક્યારે હોય છે? તેના અસજ્ઝાયનો કાળ કેટલો? કયા દિવસે?

**જ. સૂર્યની સંધ્યાની પ્રભાનું અને ચંદ્રની પ્રભાનું એકી સાથે હોવું એટલે કે મિશ્રણ થવું. બાલ ચંદ્રની, શુક્લ પક્ષની રાત્રિની. એક પ્રહરની. એકમ, બીજ, ત્રીજની રાત્રિ અથવા કોઈ માત્ર બીજની રાત્રિની માને છે.**

૫. સૂર્યગ્રહણ ક્યારે થાય? પૂર્ણ ગ્રહણની અસજ્ઝાયનો કાળ કેટલો? (૧×૨)

**જ. અમાસના દિવસે. ૧૬ પ્રહર.**

૬. મધ્યાહ્નની અસજ્ઝાય ક્યારે હોય અને કેટલા સમયની?

**જ. સૂર્યોદયથી સૂર્યાસ્તના મધ્યભાગનો સમય. ૧ મુહૂર્તની.**

(૫)

**પ્ર.૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ભગવાને કઈ નગરીમાં ક્યારે દીક્ષા લીધી? દીક્ષા પછી ભગવાને શું સંકલ્પ કર્યો? (૩)

**જ. ક્ષત્રિયકુંડ નગરમાં. દીક્ષાનો અવસર જાણીને હેમંત ઋતુમાં કારતક વદ દશમના (શાસ્ત્રીય માગશર વદ દશમ). હું આ હેમંત ઋતુમાં દેવદૂષ્ય વસ્ત્રથી શરીર ઢાંકીશ નહિ.**

૨. ભગવાન શું જોવાની ઈચ્છા કરતા નહોતા? (૨)

**જ. ભગવાન આખ્યાયિકા (નાટક), ગીત, દંડયુદ્ધ અને મુષ્ટિયુદ્ધ આદિ કુતૂહલ ઉત્પન્ન કરનાર પ્રવૃત્તિઓ જોવાની ઈચ્છા કરતા નહોતા.**

(૧૦)

**પ્ર.૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જન્મ–મરણના પર્યાયવાચી નામ લખો.

**જ. ઉપપાત, ઉદ્વર્તન, ચ્યવન, ગર્ભવ્યુત્ક્રાંતિ.**

૨. કાયસ્થિતિ અને ભવસ્થિતિ કયા જીવોની હોય?

**જ. કાયસ્થિતિ – બે પ્રકારના જીવોની મનુષ્ય અને તિર્યંચ. ભવસ્થતિ – બે પ્રકારના જીવોની દેવ અને નારકી.**

૩. વિકુર્વણા અને અર્થ શ્રુતધર્મ એટલે શું?

**જ. વિકુર્વણા – વૈક્રિય લબ્ધિ પ્રાપ્ત ગર્ભસ્થ જીવ ભિન્ન ભિન્ન શરીરોની રચના કરી શકે છે.**
**અર્થ શ્રુતધર્મ – સૂત્રોના અર્થનું અધ્યયન કરવું.**

૪. ઉપમા અદ્ધાકાળના પ્રકાર કેટલા? કયા? માત્ર વ્યાખ્યા લખો.

**જ. બે. પલ્યોપમ – પલ્ય એટલે પાલો. જેને એવા પાલાની ઉપમા આપવામાં આવી છે તે પલ્યોપમ.**
**સાગરોપમ – જેને સાગરની ઉપમા આપવામાં આવી છે.**

૫. ધર્મના પ્રકાર કેટલા? કયા કયા? કયા બે સ્થાનોને જાણીને આત્મા કેવલી પ્રરૂપિત ધર્મનું શ્રવણ કરે છે?

**જ. બે. શ્રુતધર્મ અને ચારિત્રધર્મ. આરંભ અને પરિગ્રહ.**

(૧૦)

૧. ધન્ય સાર્થવાહે કોને આમંત્રિત કર્યા હતા? કેટલા અને કયા પ્રકારનો આહાર કરાવ્યો હતો?

**જ. મિત્ર, જ્ઞાતિજનો અને ચારે પુત્રવધૂઓના માતા–પિતાને. અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ આ ચાર પ્રકારનો આહાર કરાવ્યો હતો.**

૨. ભોગવતીએ કમોદના દાણાનું શું કર્યું? તેને શું કામ સોંપ્યું?

**જ. દાણાના ફોતરા કાઢીને ગળી ગઈ. ઘરની અંદર દાસીનું કામ કરનારી અને રસોયાણીરૂપે નિયુક્ત કરી જેમ કે – ખાંડનારી, કૂટનારી, રાંધનારી, પીરસનારી વગેરે.**

૩. ઉજ્ઝિકા જેવાની સંસારમાં શું હાલત થાય છે?

**જ. જે સાધુ – સાધ્વી દીક્ષા લઈને ૫ મહાવ્રતોનો ત્યાગ કરે છે તે આ ભવમાં ઘણા શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો, શ્રાવિકાઓ દ્વારા હિલ્નીય, નિંદનીય બને છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે.**

૪. ભગવાન મહાવીર કયા નગરના કયા ઉદ્યાનમાં પધાર્યા? ત્યાંના રાજા કોણ? જનસમૂહ શેના માટે ગયો?

**જ. રાજગૃહ નગરના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. શ્રેણિક રાજા. ભગવાનની ધર્મદેશના સાંભળવા ગયા.**

૫. પૂનમના ચંદ્ર કરતા એકમનો ચંદ્ર કેવો હોય છે? કઈ બાબતમાં?

**જ. હીન. વર્ણ, સૌમ્યતા, સ્નિગ્ધતા, કાંતિ, દીપ્તિ, દ્યુતિ, છાયા, પ્રભા, ઓજસ્, લેશ્યા અને મંડલ.**

(૧૫)

**પ્ર.૫ (અ) ઉપાસકદશાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. આનંદે વસ્ત્ર અને મુખવાસની મર્યાદા કેટલી કરી?

**જ. વસ્ત્ર – એક ક્ષૌમયુગલ (બે સૂતરના વસ્ત્રો) સિવાય બાકીના વસ્ત્રોનો ત્યાગ કરું છું.**
**મુખવાસ – ૫ સુગંધી પદાર્થ (એલચી, લવિંગ, કપૂર, કંકોળ, જાયફળ) સિવાય બાકીના બધા પ્રકારના મુખવાસનો ત્યાગ કરું છું.**

૨. આનંદ ગાથાપતિ કેવા હતા? (વ્યક્તિત્વ)

**જ. ઘણા રાજા, ધનિક વગેરે સાર્થવાહોના ઘણા કાર્યોમાં તથા કુટુંબોમાં, ગૂઢ રહસ્યોને ઉકેલવામાં, ન્યાય કરવામાં વ્યવહારમાં પૂછવા યોગ્ય, સલાહ લેવા યોગ્ય હતા.**

૩. આગારો કેટલા છે? તેમાંથી બીજો અને ચોથો ભેદ અર્થ સાથે લખો.

**જ. છ. (૨) ગણાભિયોગ – જનસમુદાય અથવા ગણતંત્ર શાસનના આગ્રહથી. (૪) દેવાભિયોગ – દેવની પરતંત્રતાથી.**

૪. કોલ્લાક સન્નિવેશનું વર્ણન કરો.

**જ. વૈભવશાળી, નિરુપદ્રવી અને સમૃદ્ધ હતું. ચિત્તને પ્રસન્ન કરનારું, દર્શનીય, અભિરૂપ, આકર્ષક, યોગ્ય ગુણ સંપન્ન, મનમાં વસી જાય તેવું હતું.**

૫. પ્રતિમા કેટલી છે? તેમાં કેટલા વર્ષ થાય? સાધના કરતા આનંદ શ્રાવકનું શરીર કેવું થઈ ગયું?

**જ. ૧૧. અંદાજે સાડા પાંચ વર્ષ. શુષ્ક અને કૃશ. તેમના શરીરની નસો દેખાવા લાગી.**

**(બ) અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૫)**

૧. અંતગડમાં કેટલા વર્ગ છે? કેટલામું સૂત્ર છે? અંગ છે કે ઉપાંગ? પ્રથમ વર્ગમાં કેટલા અધ્યયન છે? (૨×૨)

**જ. આઠ વર્ગ. આઠમું અંગસૂત્ર. અંગ સૂત્ર. દશ.**

૨. ગુણરત્ન સંવત્સર તપ કેટલા મહિના ચાલે? કુલ દિવસ કેટલા? તેમાં તપ અને પારણાના દિવસ કેટલા?

**જ. ૧૬ મહિના. ૪૮૦ દિવસ. તપના – ૪૦૭ દિવસ અને પારણાના – ૭૩ દિવસ.**

૩. ગૌતમ કુમારના લગ્ન કેટલી રાજકન્યાઓ સાથે થયા? તેઓ કેટલી કળામાં પ્રવીણ બન્યા? (૧)

**જ. આઠ. ૭૨ કળા.**

(૫)

**પ્ર.૫ અનુત્તરોવવાઈ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. જાલિ કુમારે પોતાની પત્નીને શું આપ્યું? (૨×૨)

**જ. પ્રત્યેક પત્નીને ૧–૧ કરોડ ચાંદી, ૧–૧ કરોડ સોનામહોર, ૧–૧ પ્રેષ્ય કરનારી દાસી આપી. તે સિવાય બીજું ઘણું ધન–સોનું આપ્યું.**

૨. જાલિ અણગાર પ્રકૃતિથી કેવા હતા?

**જ. પ્રકૃતિથી ભદ્ર, વિનયી, શાંત, અલ્પ કષાયી, કોમળતા, નમ્રતા વગેરે ગુણોથી યુક્ત, ઈન્દ્રિયોને વશમાં રાખનાર હતા.**

૩. અનુત્તરોવવાઈ સૂત્રના વર્ગ કેટલા? પ્રથમ વર્ગના પાંચમા અધ્યયનનું નામ શું? (૧)

**જ. ત્રણ. વારિષેણ કુમાર.**

(૧૫)

**પ્ર.૭ દશવૈકાલિક તથા પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.**

૧. એમે એ ...... **પાના નં. ૭૨ ગાથા ૩**
૨. તીસે સો ...... **પાના નં. ૭૬ ગાથા ૧૦**
૩. ધૂવણે ત્તિ ...... **પાના નં. ૭૯ ગાથા ૯**
૪. સયં સહસ્સાણ ....... **પાના નં. ૮૫ ગાથા ૧૦**
૫. કિરિયાકિરિયં ....... **પાના નં. ૯૨ ગાથા ૨૭**

(૧૦)

**પ્ર.૮ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. માતા અને પિતા તરફથી ગર્ભસ્થ જીવને કયા કયા અંગ મળે છે? (૨×૩)

**જ. માતા તરફથી – માંસ, રુધિર, મસ્તક. પિતા તરફથી – હાડ, હાડની મજ્જા, કેશ–નખ–રોમ.**

૨. ગર્ભમાં રહેલો જીવ કયા કારણથી દેવલોકમાં ઉત્પન્ન થાય?

**જ. તથારૂપના સાધુ પાસે એક પણ ધર્મવચન સાંભળીને પરમ સંવેગની શ્રદ્ધા અને ધર્મ પર તીવ્ર પ્રેમ હોવાથી ધર્મ, પુણ્ય, સ્વર્ગ, મોક્ષનો અભિલાષી, શુદ્ધ ચિત્ત, મન, લેશ્યા, અધ્યવસાયમાં કાળ કરે તો.**

૩. જીવે પૂર્વભવમાં અશુભકર્મનો બંધ ન કર્યો હોય તો તે કેવો થાય છે?

**જ. ઈષ્ટ, પ્રિય, વલ્લભ, સુસ્વરવાળો યાવત્ આદેય વચનવાળો અને સુખમાં જીવન વ્યતીત કરવાવાળો.**

૪. કયા કર્મના વિજયથી કેવા સુખો મળે છે? (૧×૪)

**જ. મોહનીય કર્મ. આત્મિક સુખ.**

૫. ત્રણ માસ નિર્મળ સંયમ પાળવાથી કોના સુખ ઉલ્લંઘી જાય છે?

**જ. અસુરકુમારના દેવનું.**

૬. બ્રહ્મલોક દેવલોકના દેવોના સુખ કોણ ઉલ્લંઘી જાય છે?

**જ. આઠ માસ નિર્મળ સંયમ પાળવાવાળા સાધુ.**

૭. નિર્મળ સંયમ પાળવાવાળો જીવ કેવો બને છે?

**જ. શુદ્ધ, શુદ્ધતર પરિણામવાળા થઈ સિદ્ધ થાય છે યાવત્ સર્વ દુઃખોનો અંત કરે છે.**

(૧૦)

**પ્ર.૯ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મનુષ્યનો સંજ્ઞાનો અલ્પબહુત્વ લખો. (૨×૨)

**જ. મનુષ્યમાં સૌથી થોડી ભયસંજ્ઞા, તેથી આહારસંજ્ઞા સંખ્યાતગુણી, તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગુણી, તેથી મૈથુનસંજ્ઞા સંખ્યાતગુણી.**

૨. આહાર સંજ્ઞાનું પહેલું, મૈથુન સંજ્ઞાનું બીજું, માન સંજ્ઞાનું ત્રીજું કારણ લખો. લોક સંજ્ઞા એટલે શું?

**જ. પેટ ખાલી કરવાથી, વેદ મોહના ઉદયથી, શરીરે માટે. લોક સંજ્ઞા – અન્ય લોકોને દેખીને પોતે એવું કામ કરવું.**

૩. પન્નવણા સૂત્ર અંગ છે કે ઉપાંગ? કેટલામું? (૧×૬)

**જ. ઉપાંગ. ચોથું.**

૪. તિર્યંચના જીવો કેવી રીતે શ્વાસ લે છે? સંખ્યાતકાળની સ્થિતિવાળાના શ્વાસ કેવી રીતે લે છે?

**જ. વિમાત્રાથી – અનિયતકાળથી. થોક પ્રમાણે.**

૫. જઘન્ય ૩૦૦ દિવસે, ઉત્કૃષ્ટ ૪૯૫ દિવસે, લાંતક દેવલોકના દેવ જઘન્ય અને ઉત્કૃષ્ટ કેટલા સમયે શ્વાસ લે?

**જ. ૧૧ મું દેવલોક. પાંચ અનુત્તર વિમાનના દેવો. જઘન્ય ૧૦ પક્ષે અને ઉત્કૃષ્ટ ૧૪ પક્ષે લે.**

૬. માનસિક વેદના એટલે શું? કયા જીવોને ન હોય?

**જ. મનમાં થનારી વેદના. અસંજ્ઞી જીવો એટલે ૫ સ્થાવર અને ૩ વિકલેન્દ્રિયના જીવોને ન હોય.**

૭. મૂળાના જીવને અભૂગમિયા અને નિદા દ્વારમાંથી કઈ કઈ વેદના હોય?

**જ. ઔપશમિકી અને અનિદા વેદના હોય.**

૮. વંશાના જીવને કઈ કઈ વેદના ન હોય?

**જ. શીત વેદના, શીતોષ્ણ વેદના અને આભ્યુગમિકી વેદના ન હોય.**

(૫)

**પ્ર.૧૦ આગમ પરંપરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. છટ્ઠા પૂર્વનું નામ, પદ સંખ્યા, વત્થુ, ચુલવત્થુ, શાહી હસ્તિ, વિષય વર્ણન લખો. (૩)

**જ. સત્યપ્રવાદ પૂર્વ, ૧ ક્રોડ ૬ લાખ, ૨, ૦, ૩૨, સત્ય સંયમનું વિવેચન.**

૨. આગમજ્ઞાનને પુસ્તકરૂપે કઈ વાચનામાં, કોના નેતૃત્વમાં કરવામાં આવ્યું? (૧)

**જ. પાંચમી વલ્લભી વાચનામાં પૂ. દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના નેતૃત્વ કરવામાં આવ્યું.**

૩. ફ્રાંસમાં ઉલ્કાને ક્યારે અને કોણે માની? (૧)

**જ. અગ્નિકણ જેવા પ્રકાશ સાથે પથ્થરો પડ્યા ત્યારે બાયોટ નામના વૈજ્ઞાનિકે માની.**